### કડી સર્વ વિશ્વવિદ્યાલય આયોજિત અને અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ યજમાનિત યુવક મહોત્સવ

# સંગત - ૨૦૧૮ : યુવા કલાનું જાનદાર પ્રદર્શન








ગાંધીનગર, તા. ૧૯
કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના યજમાન પદે આંતર કૉલેજ યુવક મહોત્સવ ‘સંગત-૨૦૧૮’નો ઉત્સાહભર્યા વાતાવરણમાં પ્રારંભ થયો છે.

બુધવારે આ યુવક મહોત્સવના પ્રથમ દિવસે હળવું કંઠ્ય સંગીત, સમૂહ ગીત (ભારતીય અને પાશ્ચાત્ય), કાવ્યપઠન, પાદપૂર્તિ, ક્લે મોડેલિંગ, લોક નૃત્ય, એકાંકી, સ્કીટ, ડિબેટ, કાર્ટૂનિંગ, રંગોળી, સ્પોટ ફોટોગ્રાફી સહિત વિવિધ સ્પર્ધાઓમાં ૯૦૦ વિદ્યાર્થીઓએ પોતાનાં કલા કૌશલ રજૂ કર્યાં હતાં.

સવારે ૬.૩૦ કલાકે એલડીઆરપી કેમ્પસથી નીકળેલી કલાયાત્રામાં વિદ્યાર્થીઓએ વિવિધ હૉર્ડિંગ્સ અને બૅનર્સના મૅસેજ સાથે ઉત્સાહજનક માહોલનું સર્જન કર્યું હતું. ત્યારબાદ શેઠ ખીમજી વિશરામ હૉલ ખાતે ઉપસ્થિત મહેમાનો, સંસ્થાના પદાધિકારીઓ, વિવિધ કૉલેજીસના આચાર્યોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. યજમાન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજનાં આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ઉદ્‌ઘાટન પ્રસંગે કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલે જણાવ્યું હતું કે યુવા ટૅલેન્ટને પોતાની શક્તિ ખીલવવા માટે યુનિવર્સિટી દરેક પ્રકારની મદદ કરવા તૈયાર છે.

યુવક મહોત્સવમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત યુવા અભિનેતા મિત્ર ગઢવીએ યુવાનોને સંબોધન કરતાં એ હકીકત ઉજાગર કરી હતી કે, ‘યુવક મહોત્સવમાં વારંવાર ભાગ લેવાથી જ મારી પ્રતિભાને ઉજળો ઓપ મળ્યો છે.’

યુવક મહોત્સવને સફળ બનાવવા માટે સંયોજક ડૉ. વિજ્ઞા ઓઝા, સહસંયોજક ડૉ. રણછોડ રથવી સહિત સમગ્ર કૉલેજ સ્ટાફ જહેમત ઉઠાવી રહ્યો છે.

## જન્મદિને વધામણી



કાંતિભાઈ એમ શર્મા
ફોટોગ્રાફર, ફિલાટેલિસ્ટ
મો. ૯૪૨૬૬ ૨૪૪૯૧



લીનાબેન દેસાઈ
લાયોનેસ ક્લબ



દીપાબેન
મૌલિકકુમાર શાહ



દિવ્યરાજસિંહ
પ્રકાશસિંહ વાઘેલા
મો. ૯૮૨૪૩ ૭૫૦૫૩



નવ્યા એચ ગોર



અયાન નિશાંત ઠાકર
મો. ૯૯૯૮૭ ૨૭૭૫૭













## સ્કીટમાં સોશિયલ મીડિયા છવાયું

સ્કીટ (લઘુનાટક)ની સ્પર્ધા ટૅકનીકલ કૉલેજ હૉલમાં યોજવામાં આવી હતી. ૨૧ જેટલી કૉલેજ આ સ્પર્ધામાં પોતાની કૃતિ લઈને આવી હતી, જે કારણે સ્પર્ધા ચારેક કલાક ચાલી હતી. અલબત્ત, ટૅકનીકલ કારણોસર આ સ્પર્ધા નિયત સમય કરતાં લગભગ એક કલાક જેટલી મોડી ચાલુ કરવામાં આવી હોવાથી કાર્યક્રમનો સમય ખાસ્સો લંબાયો હતો.

સ્કીટની કૃતિઓમાં સોશિયલ મીડિયા, ભ્રષ્ટાચાર, ધાર્મિક અસહિષ્ણુતા, સ્ત્રીશોષણ અને રાજકારણ જેવા વિષયોનો પ્રભાવ જોવા મળ્યો હતો. એમાંય રાજકારણ ઉપર તો વિદ્યાર્થીઓએ કચકચાવીને ચાબખા માર્યા હતા. જાણીતા રાજનેતાઓ જાણે વિદ્યાર્થીઓની ઝપટે ચડી ગયા હોય એવો માહોલ સર્જાઓ હતો. એવી જ રીતે સોશિયલ મીડિયા, મોબાઈલનું વળગણ અને મોબાઈલ ગેમિંગ - ખાસ કરીને પબજી - જેવી બાબતો પણ મોટી સંખ્યામાં જોવા મળી હતી. અલબત્ત, આયોજનપૂર્વકના આતંકવાદ અને ડિપ્રેશન જેવા ઓછા છેડાયેલા વિષયો પણ અહીં છેડવામાં આવ્યા હતા એ બાબતને આ યુવક મહોત્સવની સફળતા ગણી શકાય.

સ્કીટમાં સૌથી વધુ ધ્યાનાકર્ષક બાબત બે રહી હતી. પહેલી, સ્પર્ધકોની રજૂઆતની શૈલી અને બીજી, સ્કીટમાં બોલાતા સંવાદો. અમુક સંવાદો તો યાદ રહી જાય એ કક્ષાના હતા, જેમ કે -

- બાળકો એટલાં જિદ્દી નથી હોતાં અને મા-બાપ એટલા ખરાબ નથી હોતા, બસ બંને વચ્ચે સાચી સમજણની આવશ્યકતા હોય છે.
- થોડી ગેરસમજથી જિંદગી જીવાઈ જતી હોય તો હકીકત ઉજાગર કરવાની શું જરૂર ?
- જૂના જમાનામાં કૉમન મૅન પાસે એક અનકૉમન ચીજ હતી - આબરૂ, જે આજના જમાનામાં રહી નથી.
- તુમ તો ઠહરે રાજનેતા, રાજ ક્યા ચલાઓગે, પાંચ સાલ બાદ તુમ ભી પૈસા લેકે જાઓગે.
- ઑલિમ્પિક મેં જીતતી કૌન ? લડકી. ઘર કો સંભાલતી કૌન ? લડકી. પ્લેન ઉડાતી કૌન ? લડકી. ચાંદ પર જાતી કૌન ? લડકી. ઔર ફિર ભી પેટ મેં મરતી કૌન ? લડકી. પરંપરા ઔર ઈજ્જત કે નામ પે પિસતી કૌન ? લડકી.
- યહ દેશ મુજસે યા તુમસે આગે નહીં આયેગા, હમ સે આગે આયેગા.
- ચિંતા છોડો, પેપર ફોડો.હોય તમારી તૈયારી વીક તો કરો પેપર લીક.

## એકાંકીમાં વિષયોનું વૈવિધ્ય પ્રેક્ષકોને રીઝવી ગયું

એકાંકી સ્પર્ધામાં ૧૧ કૉલેજે પોતાનાં પરફોર્મન્સ રજૂ કર્યાં હતાં. લાસ્ટ પૅસેન્જર, મને તરસ મૃગજળની, ડાબો-જમણો, શતરંજ, વૃક્ષ અને પરણેતર જેવાં નાટકોએ ઉપસ્થિત પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતાં. એકાંકીમાં વિષયોનું વૈવિધ્ય ઘણું જોવા મળ્યું હતું, જે કારણે પ્રેક્ષકોને આ સ્પર્ધા માણવાની મજા પડી ગઈ હતી.